

# સેતુ


**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૮ અંક : ૧૧૦ ઓક્ટોબર - ૨૦૨૬**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## જીવનનો અર્થ અને હેતુ

ભગવાને આપણને મનુષ્યનો દુર્લભ અવતાર આપ્યો છે અને એ પણ કોઈક બક્ષિસ સાથે. ત્યારે આપણું મુખ્ય કર્તવ્ય એ છે કે આપણને જે જન્મ મળ્યો છે એ શા માટે મળ્યો છે, એનો શો અર્થ છે એ ખોળવાનું છે અને આપણા જીવનનો શો હેતુ હોવો જોઈએ એ વિચારપૂર્વક નક્કી કરવાનું છે. જીવનના અર્થ અને હેતુનો આપણે ખ્યાલ છે ખરો ? જો નથી તો અહીં આપણે એની સ્પષ્ટતા કરીએ.

હે સ્વજનો ! જીવનનો અર્થ પ્રભુ તરફથી તમને પોતાને મળેલી વિશિષ્ટ બક્ષિસ કઈ છે એ ખોળી કાઢવામાં છે. અને જીવનનો હેતુ એ બક્ષિસનો આપ મતલબી થઈ ભોગવટો કરવાનો નથી, પણ સૌ સાથે એ બક્ષિસની વહેંચણી કરવાનો છે.

કોઈને મનમાં પ્રશ્ન ઉઠે કે એ વાત તો બરાબર છે, પણ આપણી પાસે ન તો ધનદોલત છે, ન તો સત્તા સાહ્યબી છે તો આપણે અન્ય ને શું બક્ષિસ આપીએ ? ક્યાંથી આપી ? કેવી રીતે આપી શકીએ ? તો આ વાત સાચી નથી. પ્રત્યેક મનુષ્યને પ્રભુએ કંઈક અને કંઈક બક્ષિસ આપી જ હોય છે. કોઈને વિશિષ્ટ આંખની, કોઈને વિશિષ્ટ કાનની, કોઈને વિશિષ્ટ હૃદયની, કોઈને વિશિષ્ટ હાથની, કોઈને વિશિષ્ટ વાણીની તો કોઈને વિશિષ્ટ વિચારની શક્તિ બક્ષિસ રુપે મળેલી હોય છે.

જો સૌ વિચારે કે એમાંથી પ્રભુએ પોતાને કઈ વિશિષ્ટ શક્તિ બક્ષિસરુપે આપી છે તો એમને એનો ઉત્તર જરુર મળશે. પોતાને મળેલી આ બક્ષિસને જો તમે ખોળી કાઢશો તો એ બક્ષિસની સૌ સાથે વહેંચણી કેવી રીતે કરી શકશો એ જીવનહેતુ પણ તમને સમજાશે. જીવનની કૃતાર્થતા અને સાર્થકતા એ શક્તિનો સંઘરો કરવામાં નથી, એની વહેંચણી કરવામાં છે. એટલે કે લોકકલ્યાણ માટે ઉપયોગ કરવામાં છે. એ સમજાશે. કવિ એટલે તો કહે છે : "**ગમતાનો કરીએ ગુલાલ, ગમતાને ગુંજે ન ભરીએ ?**"

તો આપણને વરદાનરૂપે મળેલ આંખ, કાન, હાથ, હૈયું, વાણી કે વિચારનો ઉપયોગ અન્યને ઉપયોગી થવા માટે કરવાનું આપણે શરુ કરવું જોઈએ. એવું નથી લાગતું ? તમે કઈ સંસ્થામાં કેવા લોકો સાથે રહો છો એવું ઈશ્વર નહીં પૂછે, પણ તમે તમારા સંસ્થા-પાડોશી સાથે કેવો સંબંધ રાખો છો, એને કેટલા સહાયભૂત થયા છો એવું જરુર પૂછશે.

તો તમે તમારી આંખની વિશિષ્ટ શક્તિ બક્ષિસ વડે કોઈનું દુઃખ દર્દ જોઈને એને ઓછા કરવામાં કે નિવારવામાં મદદ કરો, કોઈની વ્યથા કથા સહૃદયતાથી સાંભળીને એને હળવા થવામાં સહાયભૂત થાઓ. તમે કોઈને તમારા હાથ કે ખભ્ભાનો સહારો આપો. કોઈને તમારા શબ્દો અને તમારી વાણીથી સાંત્વના કે આશ્વાસન આપો. તમારા હાથ પગ વડે કોઈ અશક્તની સેવા સુશ્રુષા કરો. આમ કરીને આપણે આપણા જીવનના હેતુને પાર પાડી શકીએ.

તો મોડું શા માટે કરીએ ? શરુ કરીએ જીવનના અર્થને ખોળવાનું અને હેતુને પાર પાડવાનું. અને એ ન ભૂલીએ કે જીવન વહેંચીએ તો પ્રેમ અને સંઘરીએ તો કાટમાળ છે!

**ડૉ. નરેશભાઈ વેદ**

## આજે આપણે દેશમાં વૃદ્ધાશ્રમની વધતી માંગ વિષે ચર્ચા કરશું.

આજથી ૬૦-૭૦ વર્ષ પહેલા આપણને વૃદ્ધાશ્રમ વિષે કોઈ જાણાકરી ન હતી અથવા તો ક્યાંક આછી-પાતળી માહિતી મળતી. તે જમાનામાં સંયુક્ત કુટુંબનો રિવાજ હતો. પોતાના મા-બાપ, દાદા-દાદી,નાના-નાની અને કાકા-કાકીને પણ જરુરિયાત મુજબ સંતાનો પોતાની સાથે રાખતા અને સાચવતા. વડીલોનું માન અને મર્યાદા સાચવતા. વડીલોને તેમના સંતાનો માટેતેમજ સંતાનોને તેમના વડીલો માટે પ્રેમ અને લાગણી રહેતી હતી. વડીલો અને સંતાનો વચ્ચે ક્યારેક મતભેદ થતો પરંતુ મનભેદ નહોતા. બંને પક્ષે જતુ કરવાની ભાવના હતી. સમાજની પણ બીક રહેતી અને સંતાનો અને વડીલો બંનેને પણ સમાજ અમારા માટે શું વિચારશે તે ભય રહેતો.

સમયનું ચક્ર ફરતું ગયું. વડીલોની ઉંમર વધતી ગઈ અને સંતાનોનું એજ્યુકેશન પણ વધતું ગયું. જુવાન પેઢી ઘર-ગામ છોડી ઉચ્ચ અભ્યાસ માટે અને ઉચ્ચ કક્ષાની નોકરી માટે દેશમાં કે વિદેશમાં જવા લાગ્યા. બહારના સંપર્કની અસર સંતાનોમાં થવા માંડી. તેમના વિચારો પણ દ્રઢ થતા ગયા. દરેક પ્રકારની સુખ-સગવડની જરૂરિયાત વધતી ગઈ. વડીલો પણ પોતાનું મમત્વ પકડી રાખવા માંડ્યા. જતું કરવાની ભાવના ઓછી થવા માંડી. પહેલા જે મતભેદ રહેતો હતો તે મનભેદમાં પરિવર્તિત થતો ગયો. સંયુક્ત કુટુંબમાં રહેવાની ભાવના હતી તેમાં આ બધાની અસર દેખાવા માંડી.

ફક્ત કૌટુંબિક પ્રશ્નો સિવાય, સંતાન ન હોય તેવા વડીલો પણ વૃદ્ધાશ્રમનો આશરો શોધે છે. સંતાનો પરદેશ રહેતા હોય અને માતા પિતા એકલા હોય ત્યારે તેઓ વૃદ્ધાશ્રમમાં રહેવાની ઈચ્છા ધરાવતા હોય છે. જ્યારે પતિ પત્ની બેમાંથી કોઈપણ એક થઈ જાય ત્યારે રસોઈ, નોકર વિ. જવાબદારીમાંથી મુક્ત થવા માટે પણ વૃદ્ધાશ્રમમાં તેમને રહેવું અનુકુળ આવે છે. જ્યારે પોતાના સંતાનો વડીલોને પોતાની સાથે રાખવાની તૈયારી ન બતાવતા હોય અને વડીલોએ વારંવાર અપમાન સહન કરવું પડતું હોય ત્યારે તેમજ ઉપર જણાવેલ સંજોગો ઉભા થતા હોય ત્યારે મારું માનવું છે કે વૃદ્ધાશ્રમ તેમના માટે આશીર્વાદ થઈ પડે છે.

જ્યારે વડીલો વૃદ્ધાશ્રમમાં રહેવા આવે છે ત્યારે તેમને એક સમુહ કુટુંબમાં રહેવાનો લ્હાવો મળે છે. તેમની મોટાભાગની જરુરિયાતો સચવાઈ જાય છે. બધા ધાર્મિક તહેવારો અને રાષ્ટ્રિય તહેવારોમાં સામેલ થવાનો આનંદ મળે છે. પોતાની આવડતનો ઉપયોગ આશ્રમ માટે કરી આશ્રમને મદદરુપ થઈ શકે છે. સમુહ કુટુંબમાં રહેતા વડીલોમાં એક બીજાને મદદરુપ થવાની ભાવના ખીલતી જાય છે. નાની મોટી માંદગી વખતે વૃદ્ધાશ્રમ તેમજ તેમની સાથે રહેતા વડીલો બીમાર વડીલોની ખુબ જ દરકાર લે છે.

છેલ્લા ૫૦ વર્ષ રડ્યા-ખડ્યા વૃદ્ધાશ્રમ વિષે આપણને જાણકારી મળતી. પૂજ્ય સ્વ. કેશુકાકાએ ૪૫ વર્ષ પહેલા ૨૫ વડીલોને સાચવી શકાય તેવા ખડાયતા જ્ઞાતિ માટેનો વૃદ્ધાશ્રમ શરુ કર્યો. તેમની દીર્ઘદ્રષ્ટિ અને ભવિષ્યમાં વૃદ્ધોને મોટા અને સુખસગવડ વાળા વૃદ્ધાશ્રમની જરુર પડશે તે વિચારે આજના આપણા અશક્તાશ્રમનો પાયો નાખ્યો. હવે આપણા દેશમાં અને આપણા રાજ્યમાં પણ વૃદ્ધાશ્રમની જરુરિયાત વધતી ગઈ. આમ આવી ઉપર જણાવેલ પરિસ્થિતિમાં રહેતા અને જરુરિયાતવાળા વડીલોને વૃદ્ધાશ્રમમાં રહેવું તે આશીર્વાદ છે તેમ કહીયે તો યોગ્ય છે.

**ડૉ. નરેશ રમણલાલ શાહ**

# અશક્તાશ્રમના આશ્રયે

## ફૂટેલા સુવર્ણ પાત્રો

- ઉષા ચંદ્રવદન શાહ

અશક્તાશ્રમના નામને સાર્થક કરવાના અમારા સ્વપ્ન અને શક્તિઓની પરીક્ષા કરવા માટે કેટલાક મેન્ટલી ચેલેન્જડ પાત્રો મોકલ્યા છે. શરુઆતમાં જ્યારે આશ્રમ, સગવડો, કર્મચારીઓ અને અનુભવોથી અછતવાળો હતો ત્યારે અમે આવા પાત્રોને દુઃખ સાથે પાછા વાળતા. પરંતુ પછી તો... ક્યાં જશે બિચારા? ભગવાન મદદ કરશે! હૈયા ધારણ રાખી એ પણ ચેલેન્જ લીધી. પ્રભુએ મદદ પણ કરી.

**"પૂછો તો બોલે"**

ભા....ઈ મારે તમારી સાથે વાતો કરવી છે. તમે આવશો?... “હા - આવીશ.” હું ઓફિસમાં પહોંચુ તે પહેલા તો ભાઈ પહોંચી ગયા. એમણે યાં બેસવું જોઈએ ત્યાં જ બેઠા. કેમ છો ભાઈ?... “મજામા”, મુંબઈ જઈ આવ્યા...." "હા" અહીં ગમે કે મુંબઈ?..." "બધે" "શું કર્યું મુંબઈ માં?"..... "કામ"... એ....મ શું કામ કર્યું..." “અગરબત્તીનું....” “અગરબત્તી બનાવતા શીખ્યા?".... “ના”..... તો... “અગરબત્તી લાવવાની અને તેમાંથી સારી અને ખરાબ જુદી પાડવાની”

તમે કેટલું ભણેલા?... “BA"....with? ..... “Geography” બાપરે મને તો ખૂબ બોરીંગ લાગે “મને ખૂબ ગમે”. જે જે શહેરોના નામ આપી તે કયા પ્રદેશમાં આવેલા છે તેના નામ ધડાધડ આપવા લાગ્યા.

ઉંચા સપ્રમાણ શરીર. એક જમાનામાં ફાંકડું ઈંગ્લિશ બોલતા, ગ્રેજ્યુએટ થયેલા ભાઈ નીચું મોઢું નાંખી બેસે, ચાલે પણ તે જ રીતે કોઈની સાથે ભાગ્યે જ બોલતા ભાઈ, વાંચતા વધુ દેખાય. સંસ્કારી કુટુંબના છે. “બાંધી મુઠી લાખની.” એ રીતે તેમના ભાઈ જે રીતે તેમને મૂકવા આવેલા તે ભાઈએ ઉપર ઉપરથી વાત કરેલી...કે આ ભાઈ કોલેજમાં હતા ત્યારે એક છોકરી સાથે પ્રેમમાં હતાં. પણ પપ્પા - મમ્મીએ તેની સાથેના સંબંધને માન્ય ન કરતા ભાઈ તેની સામે ના બળવો કરી શક્યા કે ના આ ઘાને જીરવી શક્યા. એમની બહેન અમેરિકામાં રહે છે. ઈન્ડિયા આવેલી. પહેલી જ આ ભાઈને મળવા આવી. ભાઈને મળી અને મારી પાસે આવી. ચોધાર આંસુએ રડી પડી. “મારા આવા સરસ ભાઈની આ દશા?” મારું હૃદય પણ ઉભરાઈ આવ્યું. અંતરગત વાત કરતા તેણે પણ તેના મોટાભાઈએ કહેલી વાતનું સમર્થન આપ્યું.

તમે કે કંઈ બોલતા જ નથી? અમારા બધા સાથે વાત કરવી ગમતી નથી? કંઈ બોલ્યા નહીં. દરેક વાતમાં સાચે સાચું કહેનાર આ ભાઈને મ્હેં પૂછી નાંખ્યું. ભાઈ હંમેશા સાંભયુ છે કે કોલેજમાં તમારે એક ખાસ ગર્લફ્રેન્ડ હતી? “હા હતી”. પણ પછી તમે પરણ્યા નહીં? “ના”.... કેમ.... “પપ્પાએ ના પાડી”.... કેમ.... “એ ક્રિશ્ચિયન હતી”... તમે તો દાદર રહેતા હતા તો તો પાંચ બગીચા બહુ જતા હશો? “ના ત્યાં તો બહુ ભીડ હોય. અમે તો શિવાજીપાર્ક જતા”. મારું તો હૃદય ભરાઈ આવ્યું. મ્હેં પૂછ્યું... “એનું નામ શું? “એનું નામ ન દેવાય” “બિચારી બદનામ થઈ જાય...” પણ અમે ક્યાં કોઈને ઓળખીએ છીએ. અમે કોને કહેવાના? ના એનું નામ ન દેવાય. મને લાગ્યું કે જેમાં એને ન કહેવું હોય તે વાતને તતરાવવી ન જોઈએ. એના પડેલા ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું થાય. આ માણસની ખાનદાની અને ઘરબી રાખેલા દર્દને નમન કરવાનું મન થયું. “હમ જીકે ક્યા કરેંગે.”

અમે સાંભળેલું કે આ ભાઈ બહુ સરસ ગાઈ શકે છે. આશ્રમના બધા જ સાથે બેસીએ. અંતાક્ષરી રમીએ. ૭૦એ પહોચેલા, જુના ગીતના રસીયાઓ ગાય અને ગવડાવે. ક્વચિત જ બોલતા આ ભાઈને સાંભળવા એ તો લ્હાવો છે. પુનિત તેમને પાનો ચડાવે. “જેથી આ ભાઈ શરૂ કરી શકે.” “આજા સનમ મધુર ચાંદની મે હમ...” વળી પુનિત બીજું શરુ કરી આપે. “જબ દિલ હી... ટૂટ ગયા આ...આ... આ....” શરુ કરી દે. હૃદયને સ્પર્શે તેવા ગીતો અને આ ભાઈનું ટપકતું દર્દ.

હે પ્રભુ..... આ પ્રેમી જીવ તારી પાસે આવ્યો છે. અને પ્રેમની જ દુનિયામાં જીવનારો તું!! તારા સિવાયબીજું કોણ સમજી શકે? કે સમજાવી શકે? પ્લી....ઝ એના મનના ઉંડાણમાં શાંતિથી પડી રહેલી વેદના ને કો’ક કાંકરી મારીને ડહોળી ન નાંખે તે જોજે.

**ના પૂછીએ તો પણ બોલ્યા જ કરે.**

કોઈપણ એમને બોલાવે તો પગ ઉલાળતા ઉલાળતા ધોતી, દાઢી, ધોળા વિખરાયેલા વાળ અને આંખોમાં ફરક વર્તાતો દેખાય તેવા ભાઈ બોલાવનારની પાસે પહોંચી જાય લઘર-વઘર કપડાં એમના વ્યક્તિત્વની ચાડી ખાતા હતા. જરા એ સમજણ વિનાના નહીં એવું નહીં પણ જરા હાલેલા લાગે. કોઈપણ જાતના પૂર્વાપર સંબંધ વિનાની વાતો કર્યા કરે. સ્થિર બેસે નહીં. પણ જરાય અસ્થિર ન લાગે. બાઓ ગરબા ગાતા હોય ત્યારે તાનમાં આવી જાય, ગરબામાં જોડાઈ જાય, પગનું હાથનું, કપડાનું, વાળનું, ઠેકાણું નહીં, પણ ઉમંગથી નાચે છે ને! અમે સૌ ખુશ થઈએ. એ બિચારો પોતાની જ દુનિયામાં રાચે છે. રાચવા દો.

લગભગ તીસેક વર્ષથી આશ્રમમાં છે. અમારા એક ટ્રસ્ટીની ભલામણથી તેમને રાખ્યા હતા. આવા ભાઈનો ઈતિહાસ જાણવાનું મન થયું. થોડા દિવસ અગાઉ મેં તેમને અમારી ઓફિસમાં આવવાનું કહેલું. મારા જતા પહેલા ઓફિસમાં પહોંચી ગયા હું બારણું ખોલી અંદર જાઉં કે તરત જ કહે આવો બા, હું તમને બહુ યાદ કરતો તો હોં.. ઘણીવાર થાય કે તમને ફોન કરું પણ મારી પાસે તમારો નંબર નહીં. હું હસી, અમે મુંબઈ રહેતા ત્યારની વાતો કરે છે. તમે કેટલું ભણેલા ભાઈ? હું નહીં ભણેલો બા, આપણે તો લખોટી અને ગીલ્લી ડંડા જ રમેલા. ખડખડાટ હસ્યા. મનમાં જરા પણરંજ નહીં. જો કે ક્યાંથી હો?

આશ્રમમાં જ બિરાજેલા શ્રી રાધાકૃષ્ણની આરતી થઈહતી. તેની આંચ સૌને અપાય. આ ભાઈ આરતી લઈને આવ્યા. અરે.... હું તો તમને જોઈને ચકિત થઈગઈ. આ પહેલા મ્હેં જે તેમનું વર્ણન કર્યું છે તેનાથી તે બિલકુલ વિપરીત દેખાતા’તા. સરસરીતે વાળ કપાવેલા, વળી ડાઈ કરેલા વાળ, દાઢી, સાફ,સાબુ ઘસીને નાહેલા, મોટા કપાળમાં શોભે તેવું તિલક કરેલું. અને સ્વચ્છ કપડા! હું તો બોલી ઉઠી....અરે વાહ ભાઈ આજે તો તમે ઘોડે ચડવાના હો એવા લાગો છો. પગ ઉલાળતા હસતા હસતા ચાલવા લાગ્યા....

છોકરો હોય કે છોકરી - મગજથી હાલેલો હોય કે સ્થિર હોય. તેમના શરીરમાં રાસાયણિક ફેરફારો થાય છે. આજદીન સુધી નિર્દોશભાવે સાથે રમતાં, ભણતાં, હસતાં, જમતાં છોકરા છોકરીઓ યૌવનમાં પ્રવેશતાં એકબીજા સામે જોવાની દ્રષ્ટિમાં કંઈક જુદુ જ-વ્યક્ત ન કરી શકાય તેવું ઉમેરાય છે, તો..... જે ભાઈની વાત કરી રહી છું. તેમને ન થાય?

ભાઈ મ્હેં આગળ કહ્યું તે પ્રમાણે એકદમ જ કોઈ અસંદર્ભ વાતમાં કુદી પડે. અરે!બ....હે....ન મારા માટે તો મોટા ઘરનું માંગુ આવેલું..... પછી શું થયું? નીચું જોઈને કહે, "કંઈ નહીં, ના ઠેકાણું પડ્યું"

અમારા એક સ્વજન આવે ત્યારે તેમે ખૂબ નચાવે-ઉડાવે. જુઓ ભઈ ઘોડો તૈયાર છે, બીજું બધું તૈયાર છે ને? "હા કપડા તૈયાર છે, કંકોત્રી લખાઈ ગઈ છે. માંડવો તો તેમણે કરવાનો છે. તમારે તો ચાંલ્લો મો....ટો આવશે મોટા મોટા લોકો આવવાને? અમારો અડધો ભાગ રાખજો હોં ભઈ. ના... કેમ અમારે ઘર નહીં વસાવવાનું? અને પછી ભવિષ્યમાં અમારે છોકરું થશે ને? એને મોટું કરવાનું ને?"

અમારા આ વડીલે અમને ચાર પાંચ અંગત લોકોને પેટમાં આંટી પડી જાય તેટલું હસાવ્યા.

પ.....ણ પછી એની બીજી સાઈડને વિચારતા સૌ ગંભીર બની ગયા.

**"ચંદ્રવદનથી સહસા બોલાયું ફૂટેલા સુવર્ણ પાત્રો"**

# સંસ્થા સમાચાર

**- કે. બી. શાહ**

### વડીલોની બાળપણની યાદ

આ વખતે આશ્રમમાં એક નવીન પ્રયોગ કરવામાં આવ્યો. વૃદ્ધોને તેમના બાળપણની યાદ કરાવવા માટે બાળગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. બાળપણમાં બાલવાટિકામાં ગાયેલા ગીતો "**એક બિલાડી જાડી તેણે પહેરી સાડી સાડી પહેરી ફરવા ગઈ તળાવ દેખી તરવા ગઈ**" "**ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં**" "**હાથી ભાઈ તો જાડા લાગે મોટા પાડા**" આવા ગીતોથી વૃદ્ધોને તેમનું બાળપણ યાદ કરાવ્યું. અને વૃદ્ધોએ પણ હોંશે હોંશે આ ગીતો ગાયા. ત્યારબાદ સૌને ઉત્પલભાઈ તરફથી દાલબાટી ચુરમાની પાર્ટી આપવામાં આવી.

### ટ્રસ્ટીની મીટીંગ

જુલાઈ માસની શરુઆતમાં જ ટ્રસ્ટીની મીટીંગ થઈ જેમાં આશ્રમને લગતા નવીનીકરણના કામો કરવા માટે સંમતિ આપવામાં આવી. યુવાન ટ્રસ્ટીઓ આશ્રમને અદ્યતન બનાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે.

### જુના જમાનાની ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

તા. ૫-૭-૨૦૨૬ના રોજ વડોદરા થી રાજેશભાઈ તેમનું સૂર મિલાપ મ્યુઝિકલ ગ્રુપ લઈ આશ્રમમાં આવ્યા અને સૌ વડીલોને તેમના જમાનાના ફિલ્મી ગીતો સંભળાવ્યા. સૌ ખૂબ ખુશ થયા. ગ્રુપના સભ્યોની સાથે આશ્રમવાસીઓ પણ ગીતો ગાવા લાગ્યા.

### રથયાત્રા

તા. ૧૬-૭-૨૦૨૬ના રોજ અષાઢ સુદ બીજ શ્રી રણછોડરાયજી મુખ્ય મંદિરમાં સોના ચાંદીના બે રથ ધામ-ધૂમથી ફરે. નાના ગોપાલલાલજી સાત કિલોમીટરનો રથયાત્રા માર્ગ ગોમતી તળાવને ફરતો છે ત્યાં લાલજીની પધરામણી થાય. સાંજે પરત થાય. આશ્રમમાં આવા જ ભાવ સાથે ભાઈ શ્રી પૂનિત અને પિન્કીના પ્રયત્નથી રથ તૈયાર કરવામાં આવ્યો. ટ્રસ્ટીગણ, સ્વજન, આશ્રમવાસીઓની હાજરીમાં ઢોલ-મંજીરાના નાદે લાલજીને રથમાં પધરાવી સમગ્ર આશ્રમમાં "જય રણછોડ મહારાજા"ના નાદે રથ ફર્યો. પ્રાસંગીક ભજનો ગવાયા થાળ અને ભોજન પ્રસાદ તો હોય જ.

### ગૌરીવ્રત

તા. ૨૭-૭-૨૦૨૬ ગૌરી વ્રતનો પ્રારંભ. પ્રમુખશ્રી અને ઉષાબેનનો આ પ્રસંગ માટે વિશિષ્ટ લગાવ રહ્યો છે. સત્સંગ હોલને ભાઈશ્રી પુનિત અને પિન્કીબેન તથા આશ્રમવાસીઓએ આકર્ષક રીતે રંગોળીથી સજાવ્યો હતો. સ્ટેશન પ્રાથમિક શાળાની દીકરીઓ અને શિક્ષકગણને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા. પહેરવેશમાં સજજ દીકરીઓએ ખૂબ જ સરસ ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરી. ગૌરીવ્રતની ઉજવણીમાં અતિથિ વિશેષ તરીકેનું સ્થાન રશ્મિકાબેન વિકેશભાઈ કાચવાળાએ શોભાવ્યું. તેમના તરફથી બધી દીકરીઓને કીટ આપવામાં આવી જેમાં બદામ, કાજુ, અખરોટ, ખારેક, સીંગદાણા, દ્રાક્ષ, પીસ્તા, રેવડી, કોપરું અને સીંગદાણાની ચીકી અપાઈ અને સંસ્થાના પ્રમુખશ્રી ચંદ્રદનભાઈ અને ટ્રસ્ટી શ્રી ઉષાબેન તરફથી મોતીના સેટ, બક્કલ, કાનમાં પહેરવાની બુટ્ટી, હાથમાં પહેરવાનું બ્રેસલેટ વિગેરે જેવી વસ્તુઓ આપવામાં આવી. આસ્થાના પ્રતિક રુપે ગોરમા આશ્રમમાં પણ ઉગાડવામાં આવ્યા હતા. પાંચ દિવસ પછી ગોરમાને ભારે હૃદયે વિદાય આપી. દીકરીઓને પાંચ દિવસનો ઉપવાસ છોડાવવા માટે ફૂલવડીના પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું. પાંચેય દિવસ આશ્રમમાં માંગલ્યપૂર્ણ વાતાવરણ છવાયું.

### હિંડોળા મહોત્સવ

અષાઢ વદ બીજ આવે ત્યારથી શ્રાવણ વદ બીજ સુધી આશ્રમમાં આખો મહિનો હિંડોળાનો ઉત્સવ ઉજવાય. વિવિધ કલાત્મક હિંડોળાઓ તૈયાર કરાય. રોજ સાંજે પ્રાસંગિક હડોળા ગીતોથી લાલજીને ઝુલાવાય. બહેનો લાલા પ્રત્યે જુદો જુદો ભાવ પ્રગટ કરે. લાલાને મનાવાય. હિંડોળાની રેશમ દોરી વૃદ્ધ વડીલો ખેંચે છે કે લાલો ખેંચે છે તે પરસ્પર સ્પર્ધા જેવું લાગે. અજય ગાર્ડનમાં ભાઈ શ્રી પુનિત અને સુશ્રી ઉષાબેનના માર્ગદર્શનમાં પહેલી નજરે માણસને વાહ કહેવડાવે તેવા હિંડોળાનું આયોજન થયું. જળાશયમાં બતક ફરતું હોય, લાલજી ઝૂલતા હોય શ્રી રંગ અવધૂત ભજન મંડળ દ્વારા પ્રાસંગિક હિંડોળા ગીતો ગવાતા હોય અને અધુરામાં પુરી ઉત્પલભાઈની હાજરી હોય, બસ આનંદ.... આનંદ.... અને આનંદ.....

### રક્ષાબંધન

ભાઈ બહેનના પવિત્ર પ્રેમનો પ્રસંગ પરસ્પર રક્ષાઓ બંધાઈ. શુભેચ્છાઓ પઠવાય. ખાસ પ્રજાપતિ બ્રહ્માકુમારીના પૂજ્ય બેનશ્રી અર્પિતાબેન તથા તેમના સાથી મિત્રો પધાર્યા. ખૂબ જ પ્રેમથી રેશમની દોરી બાંધી પ્રેમ બંધનમાં સૌને નાંખ્યા. વળી ૨૩-૮-૨૦૨૬ અને ૨૫-૮-૨૦૨૬ના અનુક્રમે ભાણાભાઈ સમર્થ અને ઉષાબેનનો જન્મ દિન હોય તા. ૨૩-૮-૨૦૨૬ના રોજ ભજનસંધ્યાના નામે સરપ્રાઈઝ જન્મ શુભેચ્છા કાર્યક્રમનું ભવ્ય આયોજન થયું. અજયગાર્ડનમાં વ્યવસ્થિત ગોળાકાર ખુરશીઓ ગોઠવાઈ. શુભેચ્છાગીતો જેને જે ગાવા હોય તે માટે તેમે માઈકની સગવડ આપવામાં આવી. આ મધુરગીતોથી વાતાવરણ ગુંજતું રહ્યું.

### જન્માષ્ટમી

તા. ૪-૯-૨૦૨૬ના રોજ રાત્રે ૧૦-૩૦ કલાકથી રાધાકૃષ્ણ મંદિરમાં કાનાને અવતરવા કાલાવાલા ભજન ગીતો ગવાયા. મધ્યરાત્રીએ ૧૨ કલાકે કૃષ્ણજન્મના નાદથી પરિસર ગુંજી ઉઠ્યું. **નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી.**

### નંદ મહોત્સવ

તા. ૭-૯-૨૦૨૬ના રોજ સ્ટેશન પ્રાથમિકશાળાના બાળકો વેશભૂષા સાથે આશ્રમમાં પધાર્યા. અજયગાર્ડનના મધ્યભાગે દહી ભરેલી માટલી બાંધવામાં આવી અને તેની અંદર રોકડા રુપિયા પણ મૂકવામાં આવ્યા. મટકીને જે દોરી સાથે બાંધી હતી તે દોરી ઉપર કેળા, સફરજન અને વેફર બાંધી હતી તે બાળકોના આકર્ષણનું કેન્દ્ર બની. બધા જ બાળકો ગ્રુપમાં નંદઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદ સાથે સમગ્ર આશ્રમ પરિસરમાં ફર્યા બાળકો સાથે સૌ વૃદ્ધો પણ નાચ્યા કુદ્યા અને સમગ્ર આશ્રમ જાણે ગોકુળિયું ગામ બની ગયું હોય તેવું લાગ્યું.

### ગણેશ ચતુર્થી

ભાદરવા સુદ ચોથ ગણેશજીને શણગારવામાં આવ્યા. પાલખીમાં બેસાડી ગણપતિબાપ્પા મોરિયાના નાદથી શોભાયાત્રા આશ્રમને ખૂણે ખૂણે ફરી. સૌ ટ્રસ્ટીગણ, સ્વજનો અને આશ્રમવાસીઓ પણ ગણપતિબાપાની શોભા યાત્રામાં જોડાયા. આશ્રમ પરિસરમાં ફર્યા બાદ ગણપતિ બાપ્પાને સત્સંગ હોલમાં બિરાજમાન કરી સૌ વડીલોએ ગરબાની મોજ માણી. કાર્યક્રમના અંતે થાળ આરતી અને ભોજનપ્રસાદી તો હોય જ.

### બાળકોને રેનકોટ - મુંગા જીવોને પાણી પીવા માટેની પરબ

સંસ્થાના પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈના મનમાં એક નવો વિચાર આવ્યો કે આપણે ચોમાસામાં રક્ષણ માટે છત્રી વાપરીએ પણ સરકારી સ્કુલોમાં જે બાળકો ગરીબ વર્ગમાંથી આવે છે તેમના માથે છાપરું પણ નથી હોતું. તેવા બાળકો ચોમાસામાં શું કરતા હશે ? આ વિચાર તેમના મનમાં સતત ચાલતો રહેતો. ડાકોરમાં લોકલ સપ્લાય કે જેમણે શિયાળામાં બાળકોને બાળકોને આપવા ટોપીવાળા સ્વેટર મંગાવી આપ્યા હતા. તેમણએ બાળકો માટે સરસ મજાના રંગ બેરંગી રેનકોટ લાવી આપ્યા. અને શ્રી ચંદ્રવદનકાકા તરફથી સરકારી સ્કૂલોના ૪૦૦ જેટલા બાળકોને રેનકોટ આપવામાં આવ્યા. બાળકોની સાથે સાથે મૂંગા જીવોને પાણી પીવા માટેની પરબ પણ આશ્રમના દરવાજાની બહાર બનાવી અને એટલું જ નહીં તે પરબ સ્વચ્છ રહે તે માટે તેમાં ગ્લેઝ ટાઈલ્સ લગાવીને સુંદર બનાવી છે.

**-રાધિકાબેન મોદી (પ્રાર્થના પરિવાર)**

**પોતાનું સુખ શેમાં સમાયેલું છે ?**

દરેક મનુષ્યને સુખની ઝંખના છે. કોઈ દુઃખ માંગતું નથી અને ઝંખતું પણ નથી. છતાં કુદરતનો ક્રમ છે, સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એમ આવ્યા જ કરે છે. એક કવિએ સરસ લખ્યું છે કે "કોઈ દિ આનંદ હેલી અપાર, કોઈ દિ આંસુડાની ધાર, સુખ પછી દુઃખ, દુઃખ પછી સુખ, બધું ગોઠવતો કરતાર", હા , આપણા જ કર્મોના આધારે આ ગોઠવણ પરમાત્માની ઓટો સીસ્ટમ દ્વારા થતી રહે છે. પુણ્યનો ઉદય થાય ત્યારે આનંદની હેલી અને પાપ કર્મનો ઉદય થાય ત્યારે આંસુડાની ધાર...! આપણે સૌએ અનુભવ્યું જ છે. આમાંથી કોઈ બાકાત નથી રહી શકતું. પરંતુ હવે જ્યારે જાણ્યું કે આ ક્રમ ચાલતો જ રહેવાનો છે, તો એવું કંઈ કરીએને જેથી સુખ આવે તો એતો આપણે માણવાનાં જ છીએ પણ જ્યારે દુઃખ આવે ત્યારે આંસુડાની ધાર ન વહે, એ માણસમાંથી વાળ કેટલો સહેલાઈથી નીકળી જાય છે એમ સરળતાથી પસાર થઈ જાય. શૂળીનો ઘા સોયથી જાય એમ, એવું થાય તો આનંદ જ આનંદ, ખરું ને.

સદાય સુખમાં, આનંદમાં રહેવાની ચાવી આપણી પાસે જ છે. બસ આપણે તેનો ઉપયોગ કરવાનો છે. એ માટે પહેલા તો એ જોઈએ કે શું મારા સુખની, મારા આનંદની ચાવી મારી પાસે છે ? અને છે તો ક્યાં છે ? શાંતિથી બેસીને વિચારશો તો ચાવી મળી જશે અને એનો ઉપયોગ કરતાં પણ આવડી જશે.

ચાલો આપણે આપણામાં એ ચાવી શોધીએ. સંત પુનિત મહારાજ કહે છે ને, "આ જીંદગીના ચોપડામાં સરવાળો માંડજો, આ મનને મહેતાજી કરી કામે લગાડજો" એ સૌથી પહેલા આપણે એક લીસ્ટ બનાવીએ. એમાં એક બાજુ સુખ અને બીજી બાજુ દુઃખ લખીએ. સુખની નીચે જ્યારે સુખ મળ્યાનું કારણ અને તે વખતે અંતરમાં કેવો અનુભવ થયો એ પણ લખીએ. એવી જ રીતે દુઃખની નીચે જ્યારે જ્યારે દુઃખ મળ્યું એની વિગત લખીએ. દુઃખી થવાનું કારણ અને તે વખતે અંતરમાં કેવી લાગણી ઉદ્ભવી હતી એ પણ લખીએ. લીસ્ટ તૈયાર થયા પછી એને બે ત્રણવાર શાંતિથી વાંચી જઈએ. ફરી ફરી વાંચતા પણ કેવી લાગણી ઉદ્ભવે છે એના પર ધ્યાન આપીએ. જો સુખી રહેવું હોય, સતત આનંદની અનુભૂતિ કરવી હોય તો આ લીસ્ટ જરુરથી બનાવજો, જેમ જેમ વાંચતા જશો એમ સુખની, આનંદની ચાવી મળી જશે, ચાવી મળ્યા પછી એ કઈ રીતે વાપરવી એ પણ સમજાઈ જશે, દુઃખના કારણનું નિવારણ કરીએ અને સુખના પુનરાવર્તન કરીએ. આમ કરતા કરતા ધીરે ધીરે આનંદની માત્રા વધતી જશે. હું ઈચ્છું છું કે આ અખતરો કરી જ જોઈએ અને જાતે જ ચાવી શોધી કાઢીએ, શોધીને એનો ઉપયોગ કરીએ અને સતત આનંદનો અનુભવ કરીએ. જીવન હળવું લાગશે.

જો એવું લાગતું હોય કે "હું તો સતત આનંદમાં જ રહું છું." તો પણ આ અખતરો કરવો જેથી આપણા એ અનુભવ થકી આપણે અન્યને સતત આનંદમાં રહેવા માટે મદદરુપ થઈ શકીએ. કોઈકને આપણા થકી આનંદનો અનુભવ થાય એ મોટામાં મોટી સેવા છે. પ્રભુને ગમે, એ રાજી થાય એવું કાર્ય છે. સુખની ચાવી, જ્યાં છીએ ત્યાં મસ્તીથી, આનંદથી, હળીમળી, એકબીજાને મદદરુપ થઈને જીવવામાં છે. **અશક્તાશ્રમમાં રહેવાથી આવી તક અનાયસ જ મળી ગઈ છે.** કેટલો બહોળો સુંદર પરિવાર મળ્યો છે. જો આપ સૌ આવું લીસ્ટ બનાવી, સુખની ચાવી શોધી એનો ઉપયોગ કરવાનું શરુ કરશો તો આ અશક્તાશ્રમ "આનંદ આશ્રમ"માં પલટાઈ જશે અને એવું થયું તો પછી સુખ જ સુખ, આનંદ જ આનંદ.... કોશિશ કરી જોઈશું ?

**સુવિચાર :**

સુખી થવું હોય, આનંદમાં રહેવું હોય, શાંતિ મેળવવી હોય તો સુખ વહેંચો, આનંદના સ્પંદનોને આપની ચારેબાજુ ફેલાવા દો અને શાંતિ મેળવવી હોય તો પહેલા પોતે શાંત થાઓ.... બસ આટલું કરતાની સાથે જ સુખ, અને શાંતિમાં જીવન પસાર કરતા થઈ જશો.

---

**Book Packet - Printed Book**

પ્રતિ શ્રી


પ્રેષક :

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,

ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858





સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦